રે.દિ.મુ.નં.૪૪/૨૦૨૨

## આંક –૫ નીચે હુકમ

(૧) વાદીઓ તરફે દાવો દાખલ કરી હાલની અરજી સી.પી.સી. ઓર્ડર ૩૯ રૂલ(૧) (૨) મુજબ દાવા દરમ્યાન પ્રતિવાદી સામે કામચલાઉ મનાઈહુકમ મેળવવા મેળવવા માંગણી કરેલ છે. જે અરજીના પ્રાથમીક સુનાવણીના તબકકે અરજીના અનુસંધાને પ્રતિવાદીને અરજન્ટ નોટીસ કાઢવાનો હુકમ કરવામા આવેલો. વાદીની અરજીની હકીકત એવી છે કે, મોજે જેતપુર(રામ), તા.નાંદોદ, જી.નર્મદા મુકામે ખાતા નં. ૧૦૬ થી (૧) સર્વે નં. ૬, જુનો સર્વે નં. ૯/બ, ક્ષેત્રફળ :– ૦–૫૦–૦૧, આકાર :– ૨–૪૫ (૨) સર્વે નં. ૧૦, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૨–૯૩, આકાર :– ૧–૧૦ (૩) સર્વે નં. ૧૭, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૮–૯૫, આકાર :– ૧–૧૫ થી વાદીની માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી ચાલતી ખેતીની જમીન આવેલી છે જે વર્ષો વર્ષ ખેતી કરી વિવિધ ઉત્પન્ન લેતા આવેલા છે. રેવન્યુ રેકર્ડમાં તેમના નામો ચાલતા આવેલા છે. ઉપરોકત જમીન મુળ જેઠીયા રડવાને પોલીસ પટેલની નોકરી કરવા બદલ સરકાર તરફથી પ્રાપ્ત થયેલી જમીનો છે જેઓ નિ:સંતાન હતા. તેમના ભાઈ બહેનોમાં (૧) ભટલા (મરણ) (૨) બુટાલ (નિ:સંતાન મરણ) (૩) મચાડ (નિ:સંતાન મરણ) (૪) રમુબેન (મરણ) કરીને હતાજેમાં વાદી રમુબેનના દિકરા શીવા કાનજીની વારસ દીકરીઓ છે. તેમની માતા રમુબેનના પુત્ર શીવા (વાદીઓના પિતા ) ને જેઠીયા રડવાએ દતકપુત્ર તરીકે ગોદ લીધેલા અને પોતાની પાસે તેમની સાથે રાખી ઉછેર કરેલો અને લગ્ન કરાવેલા અને વાદવાળી જમીન શીવાભાઈ ખેડતા હતા અને જેઠીયા રડવાની દેખભાળ અને સેવાચાકરી કરતા હતા અને જેઠીયા

રડવાએ શીવાભાઈને વાદવાળી જમીન સાક્ષીઓ રૂબરૂ વિલથી પણ લખી આપેલી અને જેઠીયા રડવાના અવસાન બાદ વાદીઓના પિતા શીવા કાનજી એકલા માલીક મુખત્યાર થયેલા પરંતુ તેઓની અજ્ઞાનતાને કારણે જેઠીયા રડવાના અવસાન બાદ તેમના ભાઈઓના નામ દાખલ થઈ ગયેલા જે ઉપર જણાવેલા ભાઈઓ નિ:સંતાન મરણ ગયેલા છે જયારે તેમના એક ભાઈ ભટલાભાઈ કે જેમનુ લગ્ન માંડણ ગામે થયેલુ હોય લગ્ન બાદ તેઓ સાસરીમાં માંડણ રહેવા જતા રહેલા અને તેઓએ પણ વાદીઓના પિતા શીવાને એકલાને જમીન ઉપર હકક હોવાનુ ઠરાવી આપેલુ અને તેમના પિતા શીવાભાઈ એકલા કબજો રાખી દાવાવાળી જમીનો ખેડતા હતા અને તેમના સમયથી જ વાદીઓ પિતા સાથે ખેતી કરતા આવેલા છે અને પિતા શીવાભાઈના અવસાનથી તેઓની વારસાઈથી વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતા આવેલા છે. તેમની માતા કપીલાબેનનુ અવસાન થયેલ છે તથા ભટલા રડવાનુ પણ અવસાન થયેલ છે.

વાદીવાળી જમીનો લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩(એ)(એ) થી નિયંત્રિત સત્તા પ્રકારની આવેલી છે તથા મુળ જમીન પોલીસ પટલાઈની ઉઘરાવદારની હોઈ જમીન સરકારશ્રીની પરવાનગી મળ્યા સીવયા તબદીલીને પાત્ર નથી. વાદવાળી જમીનો સાથે પ્ર તિવાદીઓને કાંઈ લાગતુ વળગતુ નથી છતા જમીન પડાવી લેવા છેલ્લા કેટલા સમયથી મેલી મુરાદ રાખતા આવેલા છે અને ગામમાં એકબીજાને કહેતા ફરે છે કે જમીન અમો લઈ લઈશુ કોઈને જમીન પર પગ મુકવા નહી દઈએ તેવી ધમકીઓ આપતા રહે છે.

તા.૩/૩/૨૨ ના રોજ વાદવાળી જમીનો ઉપર વાદી ખેતી વિષયક કામ કાજ કરતા હતા ત્યારે પ્રતિવાદીઓ ખેતર ઉપર આવી જણાવેલ કે હવેથી તમારે આ જમીન ઉપર આવવુ નહી કે ખેતી કરવી નહી ચાલુ વર્ષથી અમો આ જમીનો ખેડી લેવાના છે અને વચમાં કોઈ આવ્યુ છે તો જાનથી મારી નાંખીશુ તેવી ગુન્હાહિત ધાકધમકી આપી ગયેલા છે જેથી તાકીદે વાદીઓ આ દાવો લાવેલા છે.

વાદીઓનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીયન્સનો મુદ્દો વાદીના લાભમાં છે. સદર જમીનો સીવાય બીજી જમીનો નથી એ ખેતી કરીને જીવન જીવતા આવેલા છે. પ્રતિવાદીઓ ધાકધમકીથી બળથી કબજો કરી લેતો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે જયારે મનાઈહુકમ અપાવવાથી પ્રતિવાદીઓને નુકસાન થાય તેમ નથી. તેથી હાલની અરજી કરી દાદ માંગેલ છે કે મોજે જેતપુર(રામ), તા.નાંદોદ, જી.નર્મદા મુકામે ખાતા નં. ૧૦૬ થી (૧) સર્વે નં. ૬, જુનો સર્વે નં. ૯/બ, ક્ષેત્રફળ :– ૦–૫૦–૦૧, આકાર :– ૨–૪૫ (૨) સર્વે નં. ૧૦, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૨–૯૩, આકાર :– ૧–૧૦ (૩) સર્વે નં. ૧૭, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૮–૯૫, આકાર :– ૧–૧૫ થી આવેલ જમીનમાં વાદીઓ ખેતી કામ કરતા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર, ચાકર, એજન્ટો મારફતે હરકત, હેલો, દખલ, અંતરાય, કરે કરાવે નહિ કે તેમને કબજામાંથી દુર કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ આપશોજી.

(૨) આ અરજીના અનુસંધાને પ્રતિવાદીઓને નોટીસની ધોરણસર બજવણી કરવામા આવેલ છે. જે મુજબ પ્રતિવાદીઓએ સદર દાવાના કામે આંક–૧૭ થી દાવા અરજી વિરુધ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ વાદીએ દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરી સ્પષ્ટપણે કબુલ રાખ્યા સીવાયની તમામ હકીકતો વાદીએ પુરાવાથી સાબીત કરવી જોઈએ તેવુ જણાવી વધુમાં જણાવેલ છે કે, ખાતા નં. ૧૦૬ વાળા નવા સર્વે નં. ૬ અને જુનો સર્વે નં. ૯/બ વાળી મીલકત વાદી નં. ૧ નાઓને ભટલાભાઈ રડવાભાઈનાઓએ આજથી લગભગ ૪૦ વર્ષ પહેલા ગીરો પેટે રૂા.૮૫,૦૦૦/– અંકે રૂપિયા પંચ્યાસી હજાર પુરામાં આપેલ હતી. જે ગીરોની રકમ આજદીન સુધી પ્રતિવાદી નં. ૧ નાઓને આપેલ નથી. વધુમાં ખાતા નં. ૧૦૬ વાળા નવા સર્વે નં. ૧૦, ૧૭ અને જુનો સર્વે નં. ૯/અ વાળી મીલકત આ કામના વાદીના

વડીલ ભટલાભાઈ રડવાભાઈ વસાવાનાઓએ તેમની હયાતી દરમીયાન ૪૦ વર્ષ અગાઉ ગીરો પેટે રૂા.૩,૦૦,૦૦૦/– અંકે ત્રણ લાખ પુરામાં આપેલ જે ગીરોની અવેજ વાળી રકમ પ્રતિવાદી નં. ૨ નાઓને આજદીન સુધી પરત આપેલ નથી. ભટલાભાઈ રડવાભાઈ વસાવાના હયાતીકાળથી એટલે કે ૪૦ વર્ષથી પ્રતિવાદીઓ ગીરોદાર તરીકે કબજો ભોગવટો ધરાવે છે. આમ, આ કામના વાદીઓના વડીલ ભટલાભાઈ રડવાભાઈ વસાવાનાઓએ તેઓની હયાતિ દરમીયાન ગીરો તરીકે પ્રતિવાદીઓને તારણમાં મુકેલ હોય અને ગીરોમાં જણાવેલ શરત મુજબ જયાં સુધી ગીરોની રકમ પરત કરવામાં ન આવે ત્યાં સુધી ગીરોવાળી મીલકત ગીરો આપનારને કબજો ભોગવટો સોંપી શકાય નહિ. આમ, પ્રતિવાદીઓનો આ પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મુદ્દો પ્રતિવાદીઓના લાભમાં છે. જો આ કામના વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને ગીરો પેટે આપેલ રકમ પરત મળી શકે તેમ ન હોય પ્રતિવાદીને નાણાંકીય નુકસાન જાય તેમ હોય, જયારે આ કામના વાદીઓને કોઈપણ જાતનું નુકસાન જાય તેમ નથી. આમ, આ કામના વાદીઓએ સદરા મનાઈઅરજમાં જે દાદ માંગેલ છે તેવી દાદ વાદીઓ મેળવવા માટે હકકદાર નથી. સદરહુ મીલકતમાં હાલમાં પ્રતિવાદીઓનો ગીરોદાર તરીકે કબજો ભોગવટો આવેલ હોય આ કામના વાદીઓની મનાઈઅરજ નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) વાદીએ પોતાની મૌખિક દલીલોમાં આંક–૫ ની અરજીમાં જણાવેલ હકીકતો અનુસાર દલીલો કરેલ છે જયારે પ્રતિવાદીઓએ તેમણે આંક–૧૭ થી રજુ કરેલ દાવા અરજી વિરુધ્ધના જવાબમાં જણાવેલ હકીકતો અનુસાર દલીલો કરેલ છે.

(૪) આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયા છે.

**–– :: મુદ્દાઓ ::––**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનિય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કનવીનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઈ ના થઈ શકે, તેવું નુકશાન થાય છે?

(૪) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયોના મારા જવાબો નીચે મુજબ છે:

**<u>:::– કા ર ણો – :::</u>**

(૬) **<u>મુદ્દા નંબ ૧ થી ૪ અંગે ::–</u>**

આ કામે મુદ્દા નંબર–૧ થી ૪ હકીકતની દ્રષ્ટિએ તથા કાયદાની દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથ સકંળાયેલ હોવાથી હકીકતોનો પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે અને હાલની આંક–૫ ની મનાઈ હુકમની અરજી રજુ કરી દાદ માંગેલ છે કે, મોજે જેતપુર(રામ), તા.નાંદોદ, જી.નર્મદા મુકામે ખાતા નં. ૧૦૬ થી (૧) સર્વે નં. ૬, જુનો સર્વે નં. ૯/બ, ક્ષેત્રફળ :– ૦–૫૦–૦૧, આકાર :– ૨–૪૫ (૨) સર્વે નં. ૧૦, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૨–૯૩, આકાર :– ૧–૧૦ (૩) સર્વે નં. ૧૭, જુનો સર્વે નં. ૯/અ, ક્ષેત્રફળ :– ૦–૩૮–૯૫, આકાર :– ૧–૧૫ થી આવેલ જમીનમાં વાદીઓ ખેતી કામ કરતા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર, ચાકર, એજન્ટો મારફતે હરકત, હેલો, દખલ,

અંતરાય, કરે કરાવે નહિ કે તેમને કબજામાંથી દુર કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈહુકમ પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવા અરજ કરેલ છે.

(૭) એ સર્વમાન્ય સિધ્ધાંત છે કે, કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે અને તે નુકસાન નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે, કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત-પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈહુકમનો કોઈ

નિર્ણય કરતા પહેલા, અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈહુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયિક રીતે કરવાનો છે. વધુમાં, મનાઈહુકમ એ કોઈ ધ્વારા કરવામાં આવતા કોઈ ચોકકસ કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઈહુકમ એ સમન્યાયીક દાદ છે. અગાઉ જણાવ્યા પ્રમાણે મનાઈહુકમ એ સમન્યાયી દાદ છે. વળી મનાઈહુકમ માગનર વ્યકિતએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવું પડે (૧) દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નની ઈન્સાફી કાર્યવાહી થાય અને હકીકતોનો નિર્ણય થાય તેવી સંભાવના છે અને વાદી અને પક્ષકાર તેમાં સફળ થાય તેવી પુરી શકયતા છે. (૨) મનાઈહુકમ માગનાર વ્યકિતનાં હકકોનાં રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરૂરી છે. જેથી પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય. (૩) જો મનાઈહુકમ માગનાર વ્યકિતને કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, તે વ્યકિતને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય નુકસાન થવાની સંભાવના છે. વધુમાં કામચલાઉ મનાઈહુકમની માંગણી મંજુર કરવી કે તેનો ઈન્કાર કરવો તે કોર્ટની વિવેક બુધ્ધિ ઉપર આધાર રાખે છે અને જેતે કિસ્સાના સંજોગો અને હકીકત તથા મનાઈ હુકમથી થતી અનુકુળ અને પ્રતિકુળ અસરો ધ્યાને લઈ કોર્ટે પોતાની વિવેકબુધ્ધિ અનુસાર મનાઈહુકમની અરજી ઉપર હુકમ કરવાનો રહે છે, અને તે ઉપરાંત કામચલાઉ મનાઈહુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમ દર્શનિય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત અને પોતાને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે તેવુ પણ બતાવવુ જરૂરી છે.

(૮) આ કામે વાદી પ્રથમ દર્શનીય કેસ ધરાવે છે કે, કેમ? તે અંગેનો રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં વાદીએ નિશાની–૩/૧ અને ૩/૨ થી દાવાવાળી મિલકતના ગામ નમુના નં. ૮(અ) અને ૭×૧૨ ની નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતાં તેમાં વાદીઓનુ નામ

આવેલુ છે. જ્યારે વાદીએ હાલની અરજીમાં જણાવ્યા મુજબ સદર દાવાવાળી જમીન મુળ જેઠીયા રડવાને પોલીસ પટેલની નોકરી કરવા બદલ સરકાર તરફથી પ્રાપ્ત થયેલ છે. પરંતુ વાદી તરફે જેઠીયા રડવાને સદર સદર મિલકત પ્રાપ્ત થયેલ છે તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. જ્યારે જેઠીયા રડવા પોતે નિ:સંતાન હોવાથી તેમના ભાઈ બહેનોના નામ વારસદાર તરીકે દાખલ થયેલા છે તેવો પણ કોઈ દસ્તાવેજ વાદીએ આ કામે રજુ કરેલ નથી. જેઠીયા રડવાના વારસોના નામ સદર દાવાવાળી મિલકતમાં દાખલ થયા બાબતે કોઈ વારસાઈ નોંધ આ કામે વાદીએ રજુ કરેલ નથી. ત્યારે હાલના તબકકે સદર દાવાવાળી મિલકત વાદીને કેવી રીતે મળેલ છે તેવો કોઈ આધાર વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદીઓએ આંક–૧૭ થી રજુ કરેલ પોતાના લ ેખિત જવાબમાં તેઓના જણાવ્યા મુજબ સદર દાવાવાળી મિલકત તેઓએ ભટલાભાઈ રડવાભાઈ પાસેથી લગભગ ૪૦ વર્ષ પહેલાં ગીરો પેટે રૂપિયા ૮૫,૦૦૦/– આપી કબજો ભોગવટો મેળવેલ છે. ત્યારે હાલના તબકકે દાવાવાળી મિલકતનો કબજો કયાં પક્ષ પાસે છે તે હકીકત વાદી સ્પષ્ટપણે રેકર્ડ પર લાવેલ નથી. ત્યારે પક્ષકારોનો પુરાવો લીધા સિવાય દાવાવાળી મિલકત કોના કબજા ભોગવટામાં છે તે નકકી કરી શકાય તેમ નથી. ત્યારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૯) વધુમાં, વાદી દવારા દાવા અરજીમાં માંગવામાં આવેલ દાદ અને મનાઈ હુકમની અરજીમાં માંગવામાં આવેલ દાદ એકસમાન હોવાનું જણાય આવે છે. આ તબબકે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા ખુબજ અગત્યના છે.

In Jaganben Arvindbhai V/s. State of Gujarat reported in 1999(3) G. L. R page 2318 referring ratio laid down by Apex court in the case of 1995

Supp. (3) S.C.C 590 Hon'ble Gujart High Court has held that "temporary injunction if it amount to final relief at interlocutory stage, cannot be granted by way of interim relief.

In Bhagwati L. Parmar V/s. District Panchayat, reported in 2000(4) G.C.D 3432 Hon'ble Gujarat High Court has held that relief which is granted at the final stage, cannot be granted by way of interim relief.

હાલની વાદીની દાવા અરજી નો પેરા ૯(૨) માં દાવાની દાદ તથા હાલની અરજીની દાદ એકસમાન હોવાનું જણાય આવે છે. જેથી હાલનાં તબકકે આ કામે પુરાવો લીધા સિવાય મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવે તો આખરી દાદ મંજુર કર્યા બરાબર ગણાશે. કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય. જયારે, પક્ષકારો પોત-પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. આમ, ઉપરોકત, હકીકતો ધ્યાને લેતા વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય તેવુ જણાઈ આવે છે. આમ ઉપરોકત હકીકતે વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ સાબિત કરી શકવામાં નિષ્ફળ નીવડે છે.

(૧૦) હવે બેલેન્સ ઓફ કન્વીનીયન્સની દ્રષ્ટીએ જોવામાં આવે તો, રેકર્ડ પરની હકીકતો અને રજુ કરેલ દસ્તાવેજો પરથી દાવાવાળી મિલકત કોના કબજા ભોગવટામાં આવેલ છે તે હકીકત સ્પષ્ટ થતી ન હોય ત્યારે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે તેવુ હાલના તબકકે માની શકાય નહિ. વધુમાં દાવાવાળી મિલકતમાં હાલ કોણ ખેતી કરીને પાક લે છે તેવી પણ કોઈ હકીકત સમગ્ર રેકર્ડ પરની હકીકતો જોતાં જણાતી નથી. ત્યારે જો પ્રતિવાદીની વિરુધ્ધમાં માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવાથી

પ્રતિવાદીને નાણામાં ન પુરી શકાય તેવુ નુકશાન જશે, જેની સામે વાદીને કોઈ નુકશાન નથી. આથી મુદા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

વાદીની આંક–૫ ની અરજી આથી નામંજુર કરવામા આવે છે.

અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

આ હુકમ આજરોજ તારીખ ૨ , માહે જાન્યુઆરી ,સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાંવાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

રાજપીપળા.

તા. ૨ / ૧ /૨૦૨૩

( નિતેશ કિશોરભાઈ નાચરે )
કોડ નં. જીજે ૦૦૧૪૫૧
સેકન્ડ એડી. સિવિલ જજ અને
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાજપીપળા, જીલ્લો–નર્મદા